**આંક–**
દાખલ તારીખ–૦૭/૦૭/૨૦૨૬
રજી. તારીખ – ૦૭/૦૭/૨૦૨૬
ફેસલ તારીખ –૧૪/૦૭/૨૦૨૬
અવધિ– વર્ષ માસ દિવસ
– – ૦૭

---

# દાહોદ જીલ્લાની બીજી એડિશ્નલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ, મુ.લીમખેડા, જી.દાહોદ.

---

**ફોજદારી પરચુ. અરજી નં.૨૧૭/૨૦૨૬**

સલીમભાઈ આદમભાઈ શુકલા
ઉ.વ.આ.૪૯, ધંધો–વેપાર,
રહે.દે.બારીયા, હે.પીંજારા ફળીયા,
કાપડી, તા.દે.બારીયા, જી.દાહોદ.

**.....અરજદાર**

**વિરુદ્ધ**

શ્રી સરકાર

**......સામાવાળા**

**બાબત – ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

---

**અરજદાર/આરોપી તર્ફે – વિ.વકીલશ્રી એ.ટી.દડી**

**સરકારશ્રી તર્ફે – વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવી**

---

## – ચુ કા દો –

(૧) અરજદારે હાલની અરજી બી.એન.એસ.એસ. એક્ટની કલમ–૪૮૩ મુજબ રજુ કરી તેઓને દે.બારીયા પોલીસ સ્ટેશન પાર્ટ–બી ગુના રજી. નં.૧૧૮૨૧૦૦૫૨૬૦૯૨૧/૨૦૨૬, ધી ગુજરાત પશુ પ્રત્યે ઘાતકીપણુ અટકાવવાનો ધારો–૧૯૬૦ની કલમ–૧૧(૧)(ડી)(ઈ)(એફ)(એચ) તથા ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ–૨૦૧૭ ની કલમ–૫(૧)(૧–એ)(એ)(ડી), ૬, ૮ મુજબના ગુનાના કામે અરજીમાં જણાવ્યા મુજબના જુદા–જુદા કારણોસર નિયમીત જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૨) અરજદારની અરજી વંચાણે લીધી. બન્ને પક્ષકારોના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૩) અરજદારના વિ.વકીલશ્રી એ.ટી.દડીનાએ ભારપૂર્વક જણાવેલ છે કે, અરજદાર તા.૨૯/૦૬/૨૦૨૬ થી જયુડી. કસ્ટડીમાં છે. અરજદાર તદ્દન નિર્દોષ છે અને ખોટી રીતે ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. બનાવવાળું સ્થળ અરજદારની માલીકીનું નથી. અરજદારને શકના આધારે અટક કરવામાં આવેલ છે. અરજદારની આ પ્રથમ જામીન અરજી છે. અરજદાર સામેનો ગુનો જયુડી.મેજી.ફ.ક.કોર્ટ દ્વારા ચાલવાને પાત્ર છે. અરજદાર સ્થાનીક રહીશ છે. નાસીભાગી જાય તેવા નથી. ગુનાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન હાજર રહેવાની ખાત્રી આપે છે. આ અદાલત ફરમાવે તે શરતોનું પાલન કરવા તૈયાર છે. જેથી ઉપરોક્ત તમામ હકીકતોને નજર સમક્ષ રાખી અરજદારને જામીન ઉપર મુક્ત કરવા વિનંતી છે.

(૪) વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવીનાએ ભારપૂર્વક જણાવેલ છે કે આ કામના આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી ગાંડા બાવળના ઝાડી ઝાખરામાં કતલ કરવાના ઈરાદે ગાય નંગ–૨ તથા બળદો નંગ–૮, મળી કુલ–૧૦ ગૌવંશોને ટુંકા દોરડા વડે ક્રૂરતાપૂર્વક અને ત્રાસદાયક રીતે બાંધી ઘાચચારો કે પાણીની વ્યવસ્થા નહી રાખી પોલીસને જોઈ બનાવ સ્થળેથી ભાગવા જતા પોલીસે હાલના અરજદારને સ્થળ ઉપરથી પકડેલ છે. આરોપી

ગુનાહીત ઈતિહાસ ધરાવે છે. આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો ફરીથી આવા પ્રકારનો ગુનો કરે–કરાવે તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે નહી વિગેરે હકીકતો જણાવી અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૫) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ દે.બારીઆ પોલીસ સ્ટાફના માણસોને બાતમી મળેલ કે આ કામના આરોપીઓએ ભેગા મળી દે.બારીયા કાપડી કબાડીઆ ફળીયામાં ગાંડા બાવળના ઝાડી ઝાખરામાં કેટલાક ગૌવંશોને લાવી ગૌવંશોને ટુંકા દોરડા વડે ક્રૂરતાપૂર્વક અને ત્રાસદાયક રીતે બાંધી રાખી ઘાચચારો કે પાણીની વ્યવસ્થા નહી રાખી તેમજ રાત્રીના સમયે કતલ કરવાના છે જે બાતમીના આધારે બે પંચોના માણસોને સાથે રાખી રેડ કરતા બે ઈસમો પોલીસની રેડ જોઈ ભાગવા લાગેલા જે પૈકી એક ઈસમને પકડી પાડેલ જ્યારે બીજો ઈસમ ગાડા બાવળની ઝાડી ઝાખરાઓનો લાભ લઈ નાસી ગયેલ અને પોલીસના માણસોએ ઓળખેલ તો તે ફિરાજભાઈ ઈસાભાઈ પટેલ, રહે.દે.બારીયા, કાપડીનો તથા પકડેલ ઈસમનું નામઠામ પુછતા સલીમભાઈ આદમભાઈ શુકલા(અરજદાર) હોવાનું જણાવેલ અને પંચોને સાથે રાખી ગાંડા બાવળના ઝાડી ઝાખરામાં તપાસ કરતા ગાય નંગ–૨ તથા બળદો નંગ–૮, મળી કુલ–૧૦ ગૌવંશોને ટુંકા દોરડા વડે ક્રૂરતાપૂર્વક અને ત્રાસદાયક રીતે બાંધી ઘાચચારો કે પાણીની વ્યવસ્થા નહી રાખી બાંધેલ હતા જે તમામ ગૌવંશોને પાંજરાપોળ ગોધરા ખાતે મોકલવાની તજવીજ કરેલ અને ત્રણ આરોપીઓ વિરુદ્ધ હાલની ફરિયાદ આપેલ છે.

(૬) આમ, ઉપરોક્ત તમામ હકીકતો જોતા બનાવ સ્થળે અરજદારની હાજરી છે. ત.ક.અમલદારનું સોગંદનામું વંચાણે લેતા હાલના અરજદાર વિરુદ્ધ દે.બારીયા પો.સ્ટે.પાર્ટ બી. ગુના રજી નં.૧૧૮૨૧૦૦૫૨૬૦૮૯૧/૨૦૨૬ થી આવા પ્રકારનો એનીમલ ક્રુઅલ્ટીનો ગુનો નોંધાયેલ હોવાનું જણાવેલ છે પરંતુ આ ગુનાની ઈન્સાફી કાર્યવાહીનું શું પરીણામ આવ્યું તે સંબંધે ત.ક.અમલદારના સોગંદનામા ઉપરથી કોઈ

વિગતો મળી આવતી નથી. અરજદાર સ્થાનીક રહીશ છે. અરજદાર ગુનાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન હાજર રહેવાની ખાત્રી આપે છે. આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચાલતા લાંબો સમય થાય તેમ છે અને તે સંજોગોમાં અરજદાર વિરુદ્ધ ગુનો પુરવાર થયા પહેલા તેઓને સજાની પરિસ્થિતિમાં મુકવા યોગ્ય જણાતું નથી જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

- અરજદાર/આરોપી સલીમભાઈ આદમભાઈ શુકલા, રહે.દે.બારીયા, ઠે.પીંજારા ફળીયા, કાપડી, તા.દે.બારીયા, જી.દાહોદનાઓની હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.
- દે.બારીયા પોલીસ સ્ટેશન પાર્ટ–બી ગુના રજી. નં.૧૧૮૨૧૦૦૫૨૬૦૯૨૧/૨૦૨૬, ધી ગુજરાત પશુ પ્રત્યે ધાતકીપણુ અટકાવવાનો ધારો–૧૯૬૦ ની કલમ–૧૧(૧)(ડી)(ઈ)(એફ)(એચ) તથા ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ–૨૦૧૭ ની કલમ–૫(૧)(૧–એ)(એ)(ડી), ૬, ૮ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી તર્ફે રુ.૧૫,૦૦૦/– (અંકે રુપીયા પંદર હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી તેઓને નીચેની શરતોને આધીન બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે જામીનમુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો–**

/૧/ અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી કે સાક્ષી પુરાવા તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહી.

/૨/ અરજદાર/આરોપીએ તપાસના કામે સહકાર આપવો અને તપાસ કરનાર અમલદાર જ્યારે બોલાવે ત્યારે હાજર રહેવું.

/૩/ અરજદાર/આરોપીએ ફરીથી આવા પ્રકારના ગુનામાં સંડોવાવું નહી.

/૪/ અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમીત રીતે હાજર રહેવું.

/૫/ અરજદાર/આરોપીએ તેમના રહેણાંકનું પુરુ સરનામું મોબાઈલ નંબર સાથે લેખીત પુરસીસથી સંબંધીત વિ.જયુડી. મેજી.ફ.ક. કોર્ટમાં તથા ત.ક.અમલદાર સમક્ષ રજુ કરવું અને હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો નહી.

- જામીન સંબંધીત વિ.જયુડી.મેજી.ફ.ક.કોર્ટ સમક્ષ આપવા.
- હુકમ મુજબ જરુરી યાદી કરવી.

હુકમ આજ તા.૧૪મી માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૭/૨૦૨૬
સ્થળ – લીમખેડા

(મિનાક્ષી મહેશ સોની)
બીજા એડિશ્નલ સેશન્સ જજ, દાહોદ
મુ.લીમખેડા, જી.દાહોદ
કોડ નં.જીજે૦૦૭૪૦

આર.બી.સોલંકી